# મમરો પણ ભારે પડ્યો

**જરૂરી સામગ્રી**

૧)રસોડામાં ઉપયોગમાં આવતા વાસણો જેમ કે ચમચી, મોટો ચમચો, ભાતીયુ, તપેલી, તાવીથો, વગેરે (જેટલા સ્પર્ધક હોય કુલ તેટલા વાસણોની સંખ્યા)

૨) બે નંગ મોટા બાઉલ

૩) એક મમરાનું પેકેટ

**કેટલા લોકો રમી શકે?**

- બે કે તેથી વધુ

**કેવી રીતે રમાય?**

એડમીને સૌપ્રથમ બધા સ્પર્ધકને કહેવું કે તમને જે વાસણ ગમે તે લઈ લેવું. ત્યાર બાદ બે બાઉલ ટેબલ પર ગોઠવવા. તેમાંથી એક બાઉલમાં મમરાં ભરવા. હવે એડમીને બધાને સમજાવવું કે એક મીનીટ ના સમયગાળામાં બધાએ મમરા ભરેલા બાઉલ માંથી તેમણે ચોઈસ કરેલા વાસણની મદદથી એક મમરો ઉપાડી બીજા બાઉલમાં મુકવાનો રહેશે. મમરાને હાથ અડવો જોઈએ નહિ અને એક સાથે એકજ મમરો ઉપાડવાનો રહેશે. આ જ રીતે વધુમાં વધુ મમરાં બાઉલમાં ભરવાના રહેશે.આમ એક મીનીટનાં અંતે જે સ્પર્ધકે વધુમાં મમરાં બાઉલમાં એકત્ર કરેલા હશે તે સ્પર્ધક વિજેતા જાહેર થશે અને ઈનામને પાત્ર થશે.